# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીના ડિગ્રી એન્જિનીયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઇન પ્રવેશ અંગેનું આયોજન : શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧

ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારે સરકારી, અનુદાનિત, અર્ધસ્વનિર્ભર તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની સ્વેચ્છાએ સુપ્રત કરેલ હોય તેવી સંચાલક મંડળની બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વેબ બેઝડ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે. ઉમેદવારોએ પ્રવેશ ફોર્મ ભરવા તથા અભ્યાસક્રમ કે સંસ્થાની પસંદગી માટે એડમિશન કમિટિ સુધી રૂબરૂ આવવાનું રહેશે નહીં. પરંતુ ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રવેશ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે ઉમેદવારને ઈન્ટરનેટ માધ્યમ ઉપલબ્ધ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત નીચે મુજબના હેલ્પ સેન્ટરનો ઉપયોગ કરી શકશે.

(૧) સર્વ પ્રથમ એડમિશન લેવા માટે વિદ્યાર્થીએ નજીકના હેલ્પ સેન્ટર ખાતેથી રૂા. ૩૫૦/- રોકડા (જેમાં રજિસ્ટ્રેશન ફી સામેલ છે) આપી તા. ૨૦-૫-૨૦૧૦ થી તા. ૩૧-૫-૨૦૧૦ દરમ્યાન માહિતી પુસ્તિકા તથા PIN મેળવવાના રહેશે.

(૨) પ્રવેશ વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન અત્રેની સમિતિની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અન્ય કોઈપણ પદ્ધતિથી પ્રવેશ ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

(૩) ઓનલાઇન એડમિશન માટે ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઈટ www.gujacpc.nic.in પરથી ઓનલાઇન રજિસ્ટ્રેશન તા. ૨૨-૫-૨૦૧૦ બપોરે ૨-૦૦ કલાકથી તા. ૩૧-૫-૨૦૧૦ સાંજે ૫-૦૦ કલાક સુધી કરાવવાનું રહેશે. ત્યારબાદ ઓનલાઇન રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં.

(૪) ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ઉમેદવારે રજિસ્ટ્રેશન ફોર્મ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ નિર્ધારિત સમયમાં નજીકના હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનાં રહેશે. હેલ્પ સેન્ટર ખાતે રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવ્યા અંગેની પહોંચ મેળવવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર ચોઈસ ફિલીંગ તથા પ્રવેશની આગળની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

(૫) માર્ચ-૨૦૧૦માં ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા ગુજરાત બોર્ડમાંથી પાસ કરનાર ઉમેદવાર સિવાયનાં બાકીનાં તમામ ઉમેદવારોએ ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે પહેલા હેલ્પ સેન્ટર પર જઈ પોતાના નામ તથા વિગતોની એન્ટ્રી કરાવવાની રહેશે ત્યારબાદ જ સદર ઉમેદવાર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકશે. જ્યારે પ્રવેશ પાત્રતા ધરાવતા અન્ય રાજ્યનાં બોર્ડનાં ઉમેદવારોએ ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ, એડમિશન કમિટિ, અમદાવાદ ખાતે આવવાનું રહેશે.

(૬) ઓનલાઇન એડમિશનને લગતી તમામ માહિતી જેવી કે નોટીફિકેશન, સંસ્થાઓની યાદી, સંસ્થાઓનો પરિચય, ગયા વર્ષના કટ ઓફ માર્કસ, સીટ મેટ્રીક્ષ, પ્રવેશ પાત્રતા, રીઝર્વેશન પોલિસી, હેલ્પ સેન્ટરોની યાદી, રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, વિવિધ પ્રકારના ફોર્મ્સ, હેલ્પલાઇન અને પ્રવેશને લગતા પ્રશ્નોત્તર તથા પ્રવેશ અંગેનો કાર્યક્રમ વેબસાઈટ www.jacpcldce.ac.in તથા પ્રવેશ સમિતિના **હેલ્પ લાઇન નંબર ૦૭૯-૨૬૮૫૫૪૪૪** પરથી મળી શકશે.

(૭) હેલ્પ સેન્ટર પ્રવેશ કાર્યવાહીના દિવસો દરમ્યાન સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી કાર્યરત રહેશે. હેલ્પ સેન્ટર રજાનાં દિવસો તથા જાહેર રજાનાં દિવસોએ પણ કાર્યરત રહેશે. હેલ્પ સેન્ટર પરથી પ્રવેશ અંગેની કાર્યવાહી વિનામૂલ્યે થઈ શકશે.

**હેલ્પ સેન્ટરોની યાદી : સેન્ટ્રલ ઝોન : ૧** (૧) એલ. ડી. કોલેજ ઓફ એન્જિ., નવરંગપુરા, અમદાવાદ (માત્ર CBSE/ISCE અને ગુજરાત બોર્ડ સિવાયના ઉમેદવારો માટે) (૨) ગર્વમેન્ટ પોલીટેકનીક ફોર ગર્લ્સ, નવરંગપુરા, અમદાવાદ (૩) એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસી, નવરંગપુરા, અમદાવાદ (૪) સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનો., ગોતા ચોકડી પાસે, અમદાવાદ (૫) વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિ. કોલેજ, ચાંદખેડા, અમદાવાદ (૬) સરકારી ઈજનેરી કોલેજ, બી.પી.ટી.આઈ. કેમ્પસ, વિદ્યાનગર, ભાવનગર (૭) શ્રી સમન્વય ઈન્સ્ટિ. ઓફ ફાર્મા. એજ્યુ. એન્ડ રિસર્ચ, જાજપુર રોડ, ભાંભણ, બોટાદ, જિ. ભાવનગર (૮) એમ. પી. પટેલ કોલેજ ઓફ ફાર્મસી, ગોરાડ રોડ, કપડવંજ (૯) ફેકલ્ટી ઓફ ટેકનોલોજી, ધર્મસિંહ દેસાઈ યુનિ., કોલેજ રોડ, નડિયાદ (૧૦) સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર (૧૧) એલ.ડી.આર.પી. ઈન્સ્ટિ. ઓફ ટેકનો. એન્ડ રિસર્ચ, સેક્ટર-૧૫, ગાંધીનગર (૧૨) કલોલ ઈન્સ્ટિ. ઓફ ટેકનો. એન્ડ રિસર્ચ સેન્ટર, કલોલ (૧૩) શ્રી સી. યુ. શાહ કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનો., સુરેન્દ્રનગર-અમદાવાદ હાઈ-વે, કોઠારીયા ગામ પાસે, જિ. સુરેન્દ્રનગર (૧૪) સેમિફાઈનાન્સ ડિગ્રી એન્જિ. કોલેજ, C/o. સી. યુ. શાહ ગર્વ. પોલિટેકનીક, વઢવાણ, સુરેન્દ્રનગર.

**સેન્ટ્રલ ઝોન : ૨** (૧) આણંદ કોલેજ ઓફ ફાર્મસી, આણંદ (૨) બિરલા વિશ્વકર્મા મહા વિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર (૩) જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનો., બાકરોલ રોડ, વલ્લભવિદ્યાનગર (૪) ગર્વ. એન્જિ. કોલેજ, C/o. સરકારી પોલિટેકનીક, ગોધરા (૫) સરકારી ઈજનેરી કોલેજ, સરકારી પોલિ. પાસે, દાહોદ (૬) બાબરીયા ઈન્સ્ટિ. ઓફ ટેકનો. એન્ડ એન્જિ., વરનામા, વડોદરા (૭) ફેકલ્ટી ઓફ ટેકનો. એન્ડ એન્જિ., એમ. એસ. યુનિ., વડોદરા (૮) સિગ્મા ઈન્સ્ટિ. ઓફ એન્જિ., C/o. નવજીવન હાઈસ્કૂલ, બાગીખાના, પોલો ગ્રાઉન્ડ પાસે, બાકરોલ, વડોદરા (૯) સરકારી પોલિટેકનીક, છોટાઉદેપુર.

**નોર્થ ઝોન :** (૧) સરકારી ઈજનેરી કોલેજ, પાલનપુર, C/o. સરકારી પોલિટેકનીક, અંબાજી રોડ, પાલનપુર (૨) સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિ., કમાણા ચાર રસ્તા, વિસનગર (૩) શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, અરવિંદ બાગ પાસે, મહેસાણા (૪) સરકારી ઈજનેરી કોલેજ, ચાણસ્મા-પાટણ રોડ, પાટણ (૫) સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા (૬) શ્રી બી. એમ. શાહ ફાર્મા. એજ્યુ. એન્ડ રિસર્ચ, મોડાસા (૭) આઈ. કે. પટેલ કોલેજ ઓફ ફાર્મા. એજ્યુ. એન્ડ રિસર્ચ, સાબર ડેરી સામે, હાજીપુર, હિંમતનગર (૮) સેમિ ફાઈનાન્સ ડિગ્રી ઈજનેરી કોલેજ, C/o.સરકારી પોલિટેકનીક, વડનગર.

**સાઉથ ઝોન :** (૧) સરકારી ઈજનેરી કોલેજ, શ્રી કે. જે. પોલિટેકનીક કેમ્પસ, ભોળાવ, ભરૂચ (૨) શ્રી સદ્‌વિદ્યામંડળ ઈન્સ્ટિ. ઓફ ટેકનો., કોલેજ કેમ્પસ, ભરૂચ (૩) શ્રી સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, કેવડિયા કોલોની, તા. નાંદોદ, જિ. નર્મદા (૪) મહાત્મા ગાંધી ઈન્સ્ટિ. ઓફ ટેકનો. એજ્યુ. એન્ડ રિસર્ચ સેન્ટર, ભાનુનગર, પો. ભુસંડ, તા. જલાલપોર, જિ. નવસારી (૫) સરકારી ઈજનેરી કોલેજ, મજૂરા ગેટ, સુરત (૬) સાર્વજનિક કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનો., અઠવાલાઈન્સ, સુરત (૭) શ્રી સ્વામિ આત્માનંદ સરસ્વતી ઈન્સ્ટિ. ઓફ ટેકનો., કાપોદ્રા-વરાછા રોડ, સુરત (૮) ભગવાન મહાવીર કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનો., ભર્થાના, વેસુ, સુરત (૯) છોટુભાઈ ગોપાલભાઈ પટેલ ઈન્સ્ટિ. ઓફ ટેકનો., માલિબા કેમ્પસ, બારડોલી-મહુવા રોડ, મહુવા, બારડોલી (૧૦) શ્રી કે. બી. પટેલ ઇંગ્લીશ મિડિયમ સ્કૂલ, ટાવર રોડ, વ્યારા (૧૧) સરકારી ઈજનેરી કોલેજ, કોલેજ રોડ, તિથલ રોડ, વલસાડ (૧૨) રોફેલ શ્રી જી. એમ. બીલખીયા કોલેજ ઓફ ફાર્મસી, નામધા રોડ, વાપી.

**વેસ્ટ ઝોન :** (૧) શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.બી.એ. મહિલા કોલેજ, ચક્કરબાગ રોડ, અમરેલી (૨) કે. વી. વિરાણી ઈન્સ્ટિ. ઓફ ફાર્મસી એન્ડ રિસર્ચ સેન્ટર, સાવરકુંડલા-મહુવા રોડ, બધાણા, સાવરકુંડલા (૩) સેમિ ફાઈનાન્સ ડિગ્રી ઈજનેરી કોલેજ, જામનગર-વાલસુરા રોડ, પો. બેડી, જામનગર (૪) અક્ષરપ્રીત ઈન્સ્ટિ. ઓફ ફાર્મસી, લાખાબાવળ રોડ, જામનગર (૫) એન. આર. વેકરિયા ઈન્સ્ટિ. ઓફ ફાર્મસી એન્ડ રિસર્ચ સેન્ટર, બિલખા રોડ, જૂનાગઢ (૬) નોબલ એન્જિ. કોલેજ, જૂનાગઢ-ભેસાણ રોડ, મુ. બામણગામ, જૂનાગઢ (૭) શ્રીમતી વનિતાબેન બચુભઈ નાંદોલા એમ.બી.એ. કોલેજ, મુ. ભચા, તા. ઉના, જિ. જૂનાગઢ (૮) સરકારી ઈજનેરી કોલેજ, સહયોગ નગર પાછળ, ભૂજ (૯) તોલાની ઇન્સ્ટિ. ઓફ ફાર્મસી, આદિપુર, કચ્છ (૧૦) સેમિ ફાઈનાન્સ ડિગ્રી ઈજનેરી કોલેજ, C/o .સરકારી પોલિટેકનીક, એરપોર્ટ પાસે, પોરબંદર (૧૧) લખધીરજી એન્જિ. કોલેજ, મોરબી (૧૨) બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનો., કાલાવડ રોડ, રાજકોટ (૧૩) આત્મિય ઈન્સ્ટિ. ઓફ ટેકનો. એન્ડ સાયન્સ, કાલાવડ રોડ, રાજકોટ (૧૪) સરકારી ઈજનેરી કોલેજ, મવડી-કંકોટ રોડ, રાજકોટ (૧૫) બી. એચ. મોદી ગર્વ. ફાર્મસી કોલેજ, ભાવનગર રોડ, રાજકોટ.

**સ્વયંસેવી હેલ્પ સેન્ટર :** (૧) સાલ ઇન્સ્ટિ. ઓફ ટેકનો. એન્ડ એન્જિ. રિસર્ચ, સાયન્સ સિટિ સામે, ભાડજ (૨) ધર્મજ ડિગ્રી ફાર્મસી કોલેજ, ધર્મજ (૩) અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો-રિસર્ચ ઈન્સ્ટિ., અડાલજ, જિ. ગાંધીનગર (૪) લાલજીભાઈ ચતુરભાઈ ઈન્સ્ટિ. ઓફ ટેકનો., ભાંડુ, તા. વિસનગર (૫) શ્રીમતી એસ. આર. પટેલ એન્જિ. કોલેજ, મુ. ડાભી, તા. ઊંઝા (૬) મર્ચન્ટ એન્જિ. કોલેજ, વિસનગર-મહેસાણા હાઈ-વે, બસના, તા. વિસનગર (૭) દર્શન ઈન્સ્ટિ. ઓફ એન્જિ. એન્ડ ટેકનો., મુ. હડાળા, રાજકોટ (૮) ફેકલ્ટી ઓફ એન્જિ., મુ. ગૌરીદડ, રાજકોટ (૯) જી. કે. ભરાડ ઈન્સ્ટિ. ઓફ એન્જિ., કસ્તુરબા ધામ, ત્રંબા, રાજકોટ (૧૦) શ્રી ધન્વન્તરી ફાર્મસી કોલેજ, કીમ, જિ. સુરત (૧૧) પારૂલ ઈન્સ્ટિ. ઓફ એન્જિ. એન્ડ ટેકનો., વાઘોડિયા, વડોદરા.

**પ્રો. એમ. એન. પટેલ**
**મેમ્બર સેક્રેટરી**

Size : 3 col. x 33 cm
Print Date : 20-5-2010